(A-8) SEAT No.________ No of Printed Pages 2

# SARDAR PATEL UNIVERSITY

FY BA (External) Examination

Tuesday, 16th April 2019

10:00 am to 01:00 pm

GUJ-102 : Gujarati Lit. Paper-II (ગદ્ય)

'અલગારી રખડપટ્ટી' અને 'શ્રેષ્ઠ હાસ્યરચનાઓ'

( OLD COURSE ) Total Marks : 100

નોંધ : દરેક પ્રશ્નના ગુણ સરખા (૨૦) છે.

પ્ર.૧ 'અલગારી રખડપટ્ટી'ને આધારે રસિક ઝવેરીની પ્રવાસકથાલેખક તરીકેની વિશેષતાઓ અને મર્યાદાઓનો પરિચય કરાવો.

અથવા

પ્ર.૧ 'અલગારી રખડપટ્ટી'માં લેખકનું દર્શન અહોભાવયુકત નહીં પણ તટસ્થ જોવા મળે છે.'–આ વિધાન સવિસ્તર ચર્ચો.

પ્ર.૨ ' જયોતીન્દ્ર દવે હસતા ફિલસૂફ છે'.–આ વિધાન ' જયોતીન્દ્ર દવેની શ્રેષ્ઠ હાસ્યરચનાઓ'ની અભ્યાસનિયત હાસ્યરચનાઓને કેન્દ્રમાં રાખીને ચર્ચો.

અથવા

પ્ર.૨ નીચે આપેલ હાસ્યનિબંધોની સમીક્ષા કરો:

(૧) ' મારા પૂર્વજો ' (૨) 'બાટલીનું ઉદઘાટન'

પ્ર.૩ 'અ' માંથી એક અને 'બ' માંથી એક ટૂંકનોંધ લખો.

(અ) લંડન જતાં લેખકને જહાજમાં થયેલા અનુભવો

અથવા

(અ) ઈંગ્લેન્ડમાં રંગભેદનું લેખકે કરેલું નિરૂપણ

(બ) ' ? ' માં વ્યંગ–વિનોદ



(પાછળ જુઓ)

અથવા

(બ) ઘેલાકાકાનું રેખાચિત્ર

પ્ર.૪ અભ્યાસનિયત કોઈ પુસ્તક રહી ન જાય એ રીતે ચાર પ્રશ્નોના જવાબ લખો.

(૧) લેખક અબ્દુલ રહીમને શા માટે ભૂલી શકતા નથી?

(૨) લેખકને લંડનમાં 'બોબી' પોલીસનો કેવો અનુભવ થાય છે?

(૩) લંડન જવા લેખકને કોણ કોણ મદદ કરે છે? કેવી રીતે?

(૪) માયકલના અકાળ અવસાનનું કારુણ્ય આલેખો.

(૫) 'બુદ્ધિની કસોટી' માં લેખકને કયું ઉખાણું પજવે છે?

(૬) 'હું જયોતીન્દ્ર હ દવે' નિબંધ લખવાની કેમ જરૂર પડી?

(૭) 'મુંબાઈની રમતો' માં મુંબઈમાં વસતા માનવીઓને કયા પ્રકારની હાડમારીઓ વેઠવી પડે છે?

(૮) ''નથી' નું મહત્વ'માં લેખક કયા કયા 'નથી' –થી સુખ મેળવે છે?

પ્ર.૫ અભ્યાસનિયત કોઈ પુસ્તક રહી ન જાય એ રીતે ચારના પૂર્વા પર સંદર્ભ આપી સમજાવો.

(૧) 'તંઈ તમે મારાથી તેણ વસ્હ મોટા ને તમને ભણેલાગણેલાને તુંકારે બોલાવતાં જીભ નો ઊપડે'

(૨) 'ડાર્લિંગ ! આઈ લવ યુ સો મચ ! મને તારી સાથે ઈન્ડિયા લઈ જા'

(૩) 'આ વાળ ધોળા કરવા પાછળ મેં સાઠ વર્ષ ખરચ્યાં છે?'

(૪) 'એવડી મોટી ! તમે મારી વય કેટલી ધારો છો?'

(૫) ' બાઈ માણસનાં કપડાં મી નહિ ધોશે.'

(૬) ' પેલા હીંચકા પર બેઠા છે, તે પેલા ખુરશી પર બેઠા છે તેના કંઈ સગા થાય?'

(૭) ' હાથમાં દંડ લઈને બેઠક પર શાંતિથી બેસી રહેવાનું એ જ ને ?! '

(૮) 'અર્જુનનો વિષાદ શ્રીકૃષ્ણે દૂર કર્યો, મારો વિષાદ કોણ દૂર કરે?

— x —